# પો.સ.ઇ. કેડરનો અભ્યાસક્રમ

## PAPER - 1, PART - A (MCQ TEST)

(૧) **Reasoning and Data Interpretation (૫૦ ગુણ)**

(૨) **Quantitative Aptitude (૫૦ ગુણ)**

## PAPER - 1, PART - B (MCQ TEST)

### (૧) Constitution of India and Public Administration (ભારતનું બંધારણ તથા જાહેર પ્રશાસન) (૨૫ ગુણ)

૧. ભારતીય બંધારણ – ઉદભવ અને વિકાસ, લાક્ષણિકતાઓ, આમુખ, મૂળભૂત અધિકારો અને ફરજો, રાજયનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો, બંધારણની જોગવાઈઓ, બંધારણીય સુધારાની પ્રક્રિયા તથા સુધારાઓ, બંધારણનું અંતર્નિહિત માળખું

૨. સંઘ અને રાજયના કાર્યો અને જવાબદારીઓ, સંસદીય વ્યવસ્થા, સંસદ અને રાજય વિધાનમંડળ : માળખુ, કાર્યો, સત્તા અને વિશેષાધિકારો, રાષ્ટ્રપતિ અને રાજયપાલની ભૂમિકા, કાર્યપાલિકા અને ન્યાયપાલિકા.

૩. સમવાય તંત્ર તથા કેન્દ્ર–રાજય સંબંધો

૪. બંધારણીય સંસ્થાઓ, વૈધાનિક, નિયમનકારી અને અર્ધ–ન્યાયિક સંસ્થાઓ.

૫. પંચાયતી રાજ તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

૬. ભારતીય પ્રશાસનની ઉત્ક્રાંતિ – પ્રાચીન ભારતથી સાંપ્રત ભારત સુધી

૭. અમલદારતંત્ર તથા મુલ્કી સેવાઓ

૮. કેન્દ્ર, રાજય તથા જિલ્લાનું વહીવટીતંત્ર

૯. કાયદો તથા વ્યવસ્થાનું પ્રશાસન

૧૦. કેન્દ્ર અને રાજય સકારની અગત્યની નીતિઓ અને કાર્યક્રમો

### (૨) History, Geography, Cultural Heritage (ઈતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો) (૨૫ ગુણ)

**ઈતિહાસ :**

૧. સિંધુખીણની સભ્યતા

૨. વૈદિક યુગ

૩. જૈન અને બૌધ્ધ ધર્મ

૪. ગણરાજ્યો તથા પ્રથમ મગધ સામ્રાજ્ય

૫. મધ્ય એશિયા સાથેનો સંપર્ક અને તેના પરિણામો

૬. હરિઅંક, નંદ, મૌર્ય, શૃંગ, કણ્વ, શક, કુષાણ, સાતવાહન, ગુપ્ત, હર્ષવર્ધન, પલ્લવ, ચાલુકય, ગુર્જર પ્રતિહાર, ચૌલ, પાલ, દિલ્હી સલ્તનત, મુગલ સામ્રાજય, વિજયનગર સામ્રાજય, મરાઠા તથા અન્ય ભારતીય રાજાઓ તથા રાજવંશો – તેના શાસકો, વહીવટીતંત્ર, આર્થિક–સામાજિક પરિસ્થિતિ, ધર્મ, સાહિત્ય, કલા અને સંસ્કૃતિ

૭. ભારતમાં યુરોપિયન વેપારી કંપનીઓનું આગમન તથા સર્વોચ્ચતા માટેનો તેમનો સંઘર્ષ

૮. ભારતમાં કંપની શાસન

૯. ૧૮૫૭ નો બળવો અને ભારતમાં બ્રિટીશ તાજનું સીધુ શાસન

૧૦. ભારતની સ્વાતંત્રતા માટેની ચળવળ તથા સ્વતાંત્ર્ય પ્રાપ્તિ તથા આઝાદી પછીનું ભારત

૧૧. ૧૯ મી તથા ૨૦ મી સદીમાં ભારતમાં ધાર્મિક અને સામાજિક સુધારા આંદોલનો

૧૨. ગુજરાતના રાજવંશો, તેના શાસકો, વહીવટીતંત્ર, આર્થિક–સામાજિક પરિસ્થિતિ, ધર્મ, સાહિત્ય, કલા અને સંસ્કૃતિ

**ભૂગોળ :**

૧. સામાન્ય ભૂગોળ : સૂર્યમંડળના ભાગરૂપ પૃથ્વી, પૃથ્વીની ગતિ, સમય અને ઋતુની વિભાવના, પૃથ્વીની આંતરિક સંરચના, મુખ્ય ભૂમિ સ્વરૂપો અને તેની લાક્ષણિકતાઓ, વાતાવરણની સંરચના અને સંગઠન, આબોહવાના તત્વો અને પરિબળો, વાયુ સમયુચ્ય અને વાતાગ્ર, વાતાવરણીય વિક્ષોભ, આબોહવાકીય બદલાવ, મહાસાગરો : ભૌતિક, રાસાયણિક, જૈવિક લાક્ષણિકતાઓ, જલીય આપત્તિઓ, દરિયાઈ અને ખંડીય સંસાધનો.

૨. ભૌતિક ભૂગોળ : ભારત, ગુજરાત અને વિશ્વના સંદર્ભમાં મુખ્ય પ્રાકૃતિક વિભાગો, ભૂકંપ, ભૂસ્ખલન, ચક્રવાત, પૂર તથા અન્ય કુદરતી આફતો, વિવિધ આબોહવા પ્રદેશો, કુદરતી વનસ્પતિ, રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ, જમીનના મુખ્ય પ્રકારો, ખડકો અને ખનિજો.

૩. સામાજિક ભૂગોળ : ભારત, ગુજરાત અને વિશ્વના સંદર્ભમાં : વસ્તીનું વિતરણ, વસ્તી, ઘનતા, વસ્તીવૃધ્ધિ, સ્ત્રી પુરૂષ પ્રમાણ, સાક્ષરતા, જનજાતિઓ, નૃજાતિ સમૂહ, ભાષાકીય સમૂહ.

૪. આર્થિક ભૂગોળ : અર્થતંત્રના મુખ્ય વિભાગ, કૃષિ, ઉદ્યોગ, સેવાઓ, તેમની મુખ્ય લાક્ષણિકતાઓ, પાયાના ઉદ્યોગો – કૃષિ, ખનીજ, જંગલ, ઈંધણ (બળતણ) અને માનવ શ્રમ આધારિત ઉદ્યોગો, પરિવહન અને વેપાર.

૫. વર્તમાન પ્રવાહોના સંદર્ભમાં વિશ્વની ભૂગોળ.

**સાંસ્કૃતિક વારસો :**

૧. ભારત અને ગુજરાતનો સાંસ્કૃતિક વારસો : કળાસ્વરૂપો, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, સંગીત, નૃત્ય ઈત્યાદિ

૨. ભારતીય જીવન પરંપરા, મેળા, ઉત્સવો, ખાણી–પીણી, પોશાક અને પરંપરાઓ

૩. ગુજરાતના સંગ્રહસ્થાનો, પુસ્તકાલય પ્રવૃત્તિ, સાંસ્કૃતિક–ધાર્મિક–સાહિત્યિક મહત્વ.

૪. ગુજરાતી રંગભૂમિ : નાટકો, ગીતો, નાટયમંડળીઓ.

૫. આદિવાસી જનજીવન : તહેવારો, મેળા, પોશાક, ધાર્મિક વિધિઓ.

૬. ગુજરાતી સાહિત્ય : પ્રવાહો, વળાંકો, સાહિત્યકારો, સાહિત્યિક રચનાઓ અને સાહિત્ય સંસ્થાઓ.

૭. ગુજરાતના તીર્થસ્થળો અને પર્યટનસ્થળો.

**(૩) Current Affairs and General Knowledge (રોજબરોજના બનાવો તથા સામાન્ય જ્ઞાન) (૨૫ ગુણ)**

**(૪) Environment, Science and Tech and Economics (પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને અર્થશાસ્ત્ર) (૨૫ ગુણ)**

**પર્યાવરણ :**

૧. પર્યાવરણને લગતા મુદ્દાઓ, તેના કાયદાકીય પાસા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણની જાળવણી માટે નીતિઓ, સંમેલનો અને સંધિઓ, બાયોડાયવર્સિટી (જૈવ વિવિધતા) નું મહત્વ, કલાઈમેટ ચેન્જ, આંતરરાષ્ટ્રીય પ્રયત્નો (નીતિઓ અને પ્રોટોકોલ) તથા ભારતની પ્રતિબધ્ધતા

૨. ભારતમાં વન અને વન્યજીવન – વન અને વન્યજીવન સંરક્ષણ માટે કાનૂની તથા સંસ્થાકીય માળખું. પ્રજાતિ સંરક્ષણ પ્રોજેકટ : વાઘ, સિંહ, ગેંડો, મગર વગેરે.

૩. પ્રદૂષણ : પ્રકારો, ગ્લોબલ વોર્મિંગ, ગ્રીન હાઉસ અસર, ઓઝોન લેયર ક્ષય, એસિડ વર્ષા, અસરો અને નિયંત્રક પગલાઓ, હવા, પાણી અને અવાજના પ્રદૂષણનું નિયંત્રણ અને નિવારણ.

૪. પર્યાવરણીય આપત્તિઓ, પ્રદૂષણ, કાર્બન ઉત્સર્જન, વૈશ્વિક ગરમી (તાપ વૃધ્ધિ), કલાઈમેટ ચેન્જ અને આપત્તિ વ્યવસ્થાપન બાબતે નેશનલ એકશન પ્લાન.

૫. રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણો

**વિજ્ઞાન અને ટેકનોલોજી :**

૧. રોજબરોજના જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રસ્તુતતા.

૨. ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈસીટી) : રોજબરોજના જીવનમાં આઈસીટી, આઈસીટી અને ઉદ્યોગ, આઈસીટી અને ગવર્નન્સ, આઈસીટીને ઉત્તેજન આપતી વિવિધ સરકારી યોજનાઓ, ઈ–ગર્વનન્સ કાર્યક્રમો અને સેવાઓ, સાયબર સિકયુરીટી, નેશનલ સાયબર ક્રાઈમ પોલિસી.

૩. ભારતીય અંતરીક્ષ કાર્યક્રમની ઉત્ક્રાંતિ / વિકાસ. ઈસરો તથા અન્ય સંસ્થાઓ – તેમની પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓ, વિવિધ સેટેલાઈટ કાર્યક્રમો, દૂરસંચાર માટે ઉપગ્રહો, ઈન્ડિયન રીજીયોનલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (IRNSS), ઈન્ડિયન રિમોટ સેન્સિંગ (IRS) સેટેલાઈટ, ભારતીય મિસાઈલ કાર્યક્રમ, સંરક્ષણ અને શૈક્ષણિક સેવાઓ માટેના ઉપગ્રહ, એજયુસેટ, ડીઆરડીઓ (DRDO) – વિઝન, મિશન અને પ્રવૃત્તિઓ.

૪. ભારતની પ્રવર્તમાન ઉર્જા જરૂરિયાત અને ઘટ, ભારતના ઉર્જા સ્ત્રોતો અને ભારતની ઉર્જા નીતિ – સરકારની નીતિઓ અને કાર્યક્રમો.

૫. ભારતની પરમાણુ નીતિ અને તેની વિશ્વ પ્રત્યે પ્રતિબધ્ધતા : ભારતનો પરમાણુ ઉર્જા કાર્યક્રમ, અન્ય દેશો સાથે ભારતની પરમાણુ સહકારિતા.

**અર્થશાસ્ત્ર :**

૧. સ્વતંત્રતાના પર્વે ભારતીય અર્થતંત્ર, ભારતમાં આયોજનની કામગીરીનો ઉદભવ અને વિકાસ, આયોજનના મોડેલો અને સમયાંતરે તેમાં આવેલા ફેરફારો, સુધારાઓ પછીના સમયમાં ભારતીય અર્થતંત્ર : નવા આર્થિક સુધારાઓ, નીતિ આયોગ : ઉદ્દેશો, બંધારણ અને કાર્યો.

૨. ભારતીય જાહેર વિત્ત વ્યવસ્થા : ભારતીય કર પધ્ધતિ, જાહેર ખર્ચ, જાહેર દેવું, ભારતીય અર્થતંત્રમાં ખાદ્ય અને સહાય. કેન્દ્ર અને રાજયના નાણાકીય સંબંધો, વસ્તુ અને સેવા કર (GST), ભારતીય જાહેર વિત્ત વ્યવસ્થા સાથે સંકળાયેલી અગત્યની સંસ્થાઓ.

૩. ભારતના વિદેશ વ્યાપારના વલણો, સંરચના, માળખું અને દિશા.

૪. કૃષિ ક્ષેત્ર : મુખ્ય પાકો, દેશના વિવિધ ભાગોમાં પાકની તરેહ, સિંચાઈ, સંસ્થાકીય માળખું – ભારતમાં જમીન સુધારાણાઓ : કૃષિમાં ટેકનોલોજીકલ પરિવર્તનો – કૃષિ નીપજ અને ઉત્પાદનોની ભાવનીતિ : કૃષિ વિત્તિય નીતિ : કૃષિ વેચાણ અને સંગ્રહ : ખાદ્ય સુરક્ષા અને જાહેર વિતરણ વ્યવસ્થા, હરિત ક્રાંતિ, ટકાઉ ખેતી અને જૈવિક ખેતી અને તેની નીતિ.

૫. ગુજરાતનું અર્થતંત્ર – એક અવલોકન : ગુજરાતમાં સામાજિક ક્ષેત્રો : શિક્ષણ, આરોગ્ય અને પોષણ. કૃષિ, વન, જળ સંશાધનો, ખાણ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર. આર્થિક અને સામાજિક માળખાગત સુવિધાઓના વિકાસની નીતિઓ. ગુજરાતમાં સહકારી ક્ષેત્ર.

## PAPER - 2 - Gujarati and English Language Skill (Descriptive)

### PART - A (Gujarati Language Skill)

(૧) નિબંધ (૩૦ ગુણ)

આપેલ ૫ (પાંચ) વિષયોમાંથી કોઈ એક વિષય પર ૩૫૦ શબ્દોનો નિબંધ લખવાનો રહેશે.

(૨) સંક્ષિપ્તીકરણ (૧૦ ગુણ)

આપેલ ગદ્યખંડનું ૧/૩ ભાગમાં પોતાના શબ્દોમાં સંક્ષિપ્તીકરણ કરી તેનું શીર્ષક આપવાનું રહેશે.

(૩) ગદ્યસમીક્ષા (૧૦ ગુણ)

આપેલ ગદ્યખંડના આધારે પૂછેલ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

(૪) અહેવાલ લેખન (૧૦ ગુણ)

(૫) પત્રલેખન (૧૦ ગુણ)

### PART - B (English Language Skill)

(1) Precis Writing (10 marks)

આપેલ ગદ્યખંડનું ૧/૩ ભાગમાં પોતાના શબ્દોમાં સંક્ષિપ્તીકરણ કરી તેનું શીર્ષક આપવાનું રહેશે.

(2) Comprehension (10 marks)

આપેલ ગદ્યખંડના આધારે પૂછેલ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

(3) Translation (from Gujarati to English) (10 marks)

**નોંધ : Gujarati and English Language Skill (Descriptive)** ની ઉત્તરવહી કોરા પાનાવાળી હશે. (લીટીવાળી નહી હોય)